# રાજ્યમાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ : ૨૪ કલાકમાં ૩૬૭ કેસ

## ગુજરાતમાં કોરોના તાંડવ વચ્ચે કેસોની સંખ્યા ૧૭૪૩ થઇ

## અમદાવાદમાં એક જ દિવસમાં ૨૩૯ કેસ વધતા ચિંતાજનક સ્થિતિ

ગાંધીનગર, તા.૧૯ હોટસ્પોટ બની ગયેલા અમદાવાદમાં વધુ ૯૯ કેસ સહિત રવિવારના દિવસે કુલ ૧૩૯ કેસો ગુજરાતમાં નોંધાયા હતા. આની સાથે જ રાજ્યમાં કુલ પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધીને ૧૭૪૩ સુધી પહોંચી ગઈ છે. કોરોનાના લીધે રવિવારના દિવસે વધુ પાંચ લોકોના મોત થતાં મોતનો આંકડો પણ અતિ ઝડપથી વધીને ૬૩ પર પહોંચી ગયો છે. હજુ ૧૬૩૨ દર્દીઓ સ્થિર સ્થિતિમાં છે જ્યારે ૧૦૫ દર્દીઓએ કોરોના સામે જંગ જીત્યા બાદ તેમને રજા આપી દેવામાં આવી છે. ૬૩નો મોત આંકડો થઈ જતાં તંત્ર ચિંતાતુર છે. આજે રવિવારના દિવસે સઘન તપાસની કામગીરી હાથ ધરવામાં આવ્યા બાદ વધુ ૧૩૯ કેસો સપાટી પર આવ્યા હતા. એકલા અમદાવાદમાં ૯૯ કેસ સપાટી ઉપર આવ્યા હતા. આની સાથે જ સુરતમાં ૨૨, વડોદરામાં ૧૪ કેસ નોંધાયા હતા. વડોદરામાં પણ ચાર નવા કેસ સપાટી ઉપર આવ્યા છે. હોટસ્પોટ બનેલા અને ખતરનાકરીતે કોરોનાના કેસો જ્યાં વધી રહ્યા છે તે અમદાવાદમાં આજે જે ૯૯ પોઝિટિવ કેસ આવ્યા હતા તે પૈકી ૬૦ પુરુષો અને ૩૯ મહિલાઓનો સમાવેશ થાય છે. આજે રવિવારના દિવસે ૧૧ દર્દીઓને સ્વસ્થ થયા બાદ રજા આપી દેવામાં આવી હતી. લેબોરેટરી પરીક્ષણની વાત કરવામાં આવે તો છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ૩૦૦૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૩૬૭ કેસ પોઝિટિવ રહ્યા છે જ્યારે ૨૬૩૫ કેસ નેગેટિવ રહ્યા છે. હજુ સુધી ટેસ્ટની વાત કરવામાં આવે તો આ આંકડો ૨૯૧૦૪ સુધી પહોંચ્યો છે જે પૈકી ૧૭૪૩ કેસ પોઝિટિવ રહ્યા છે અને ૨૭૩૬૧ કેસ નેગેટિવ રહ્યા છે. આજે પાંચ લોકોના મોત થયા હતા જે પૈકી તમામ મોટી વયના લોકો છે. ત્રણના અમદાવાદમાં મોત થયા છે જે પૈકી ૮૧ વર્ષીય પુરુષનું અમદાવાદ સિવિલમાં જ્યારે ૫૪ વર્ષીય પુરુષનું એસવીપી હોસ્પિટલમાં મોત થયું છે. આવી જ રીતે ૬૫ વર્ષીય પુરુષનું એસવીપી હોસ્પિટલમાં મોત થયું છે. આણંદમાં એક અને ભરુચમાં એકનું મોત થયું છે. આજે સારવાર લીધા બાદ અમદાવાદમાં બે લોકોને રજા આપવામાં આવી હતી જ્યારે ભાવનગરમાં પાંચ લોકોને રજા આપવામાં આવી હતી. અમદાવાદમાં કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઈ રહી છે. રાજ્યમાં કોરોનાને લઈને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદ અને વડોદરા રાજ્યમાં હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજ્યમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે જેમાં તમામ પ્રકારની સુવિધાઓ રાખવામાં આવી છે. લોકડાઉનની સ્થિતિ પ્રવર્તી રહી છે. નિષ્ણાતોના કહેવા મુજબ ગુજરાતમાં કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારઅહીં રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. અમદાવાદના જુદા જુદા ઝોનમાં સઘન કામગીરી ચાલી રહી છે. હોમ કોરેન્ટાઈનમાં રહેલા દર્દીઓની સંખ્યા ૧૫૬૨૮ રહી છે. જ્યારે સરકારી ફેસિલીટીમાં કોરોન્ટાઈન રહેલા દર્દીઓની સંખ્યા ૨૬૮૧ રહી છે. કુલ કોરોન્ટાઈન દર્દીઓની સંખ્યા ૧૮૫૪૦ રહી છે. ગુજરાતના સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તારમાં અમદાવાદ છે. ત્યારબાદ વડોદરા અને સુરતમાં પણ મોટી સંખ્યામાં કેસો છે. હાલમાં લોકડાઉન-૨નો ગાળો ચાલી રહ્યો છે. કઠોર નિયમો અમલી કરવામાં આવ્યા છે.

**અમદાવાદ : ૧૧૦૧**
**મૃત્યુ : ૩૨, ડીસ્ચાર્જ : ૨૯**

| | |
|---|---|
| વડોદરા | ૧૮૦ |
| સુરત | ૨૪૨ |
| રાજકોટ | ૩૬ |
| ભાવનગર | ૩૨ |
| ભરૂચ | ૨૩ |
| આણંદ | ૨૮ |
| ગાંધીનગર | ૧૭ |
| પાટણ | ૧૫ |
| નર્મદા | ૧૨ |
| પોરબંદર | ૦૩ |
| બનાસકાંઠા | ૧૦ |
| મહેસાણા | ૦૫ |
| કચ્છ | ૦૪ |
| અરવલ્લી | ૦૧ |
| ગીરસોમનાથ | ૦૨ |
| મહીસાગર | ૦૨ |
| છોટાઉદેપુર | ૦૭ |
| પંચમહાલ | ૦૯ |
| જામનગર | ૦૧ |
| મોરબી | ૦૧ |
| સાબરકાંઠા | ૦૨ |
| દાહોદ | ૦૩ |
| બોટાદ | ૦૫ |
| ખેડા | ૦૨ |

## ધાનેરા તાલુકાના થાવર ગામે રહેતા ૬૦ જેટલા વાદી પરિવારના ૩૦૦ જેટલા લોકો જમવા માટે વલખા મારી રહ્યા છે



ધાનેરા તાલુકાના થાવર ગામ ના ...ધાનેરા તાલુકાના થાવર ગામે આરટીઓ ચેકપોસ્ટ પાછળ રાધનપુર થી ૫૦ જેટલા પરિવાર જે મજૂરી અર્થે ધાનેરા આવ્યા હતા જ્યારે લોકડાઉંન ન હતું ત્યારે તે વિવિધ મજૂરી કરી તેમજ ભીખ માંગી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા પરંતુ કોરોનાવાયરસ વાયરસ ને લઈ સમગ્ર દેશને લોકડાઉન કરી દેતા આ લોકોની હાલત ક્યાંકને ક્યાંક કફોડી બની હતી તો બીજી તરફ દ્વારા આ લોકોને ૫ થી ૭ કિલો જેટલું અનાજ આપવામાં આવ્યું છે પરંતુ જ્યારથી બીજા તબક્કાનું લોકડાઉન શરૂ થયું છે ત્યારથી આ લોકોને કોઈ જ જમવાની વ્યવસ્થા ન મળતા આ તમામ પરિવારો ખાવા માટે વલખા મારી રહ્યા છે તો હવે તમે પણ સાંભળો આ પરિવારની વેદનાધાનેરા વિસ્તારમાં કેટલીક સેવાભાવી સંસ્થાઓ જે દાવા કરી રહી છે કે તે લોકો દરરોજ હજારો લોકોને જમાડે છે ત્યારે આજે અમારી ટીમ રાત્રિના સમય રિયાલિટી ચેક કરવા નીકળે ત્યારે રસ્તામાં આ ૫૦ જેટલા પરિવારો મળ્યા જે પરિવારો જમવા ની રાહ જોઈને બેઠા હતા ત્યારે આ તમામ પરિવારો એ જમવાની વ્યવસ્થા કરી આપો તેવી માગણી કરી ત્યારે સમગ્ર ઘટનાને લઇ અમારી ટીમે પણ આ પરિવાર સુધી ભોજન પહોંચે તે માટે રાત્રીના સમય સેવાભાવી સંસ્થાઓ તેમજ સ્થાનિક તંત્રને પણ સંપર્ક કર્યો બીજા દિવસે સમગ્ર ઘટનાને લઈ ધાનેરા એસડીએમ યોગેશભાઈ ઠક્કરને આ બાબતની અમારી ટિમ જાણ કરતા એસડીએમ શ્રી તમામ લોકો સુધી કીટ પહોંચાડવાની ખાત્રી આપી છેઅત્યારે તો ધાનેરામાં સેવાભાવી સંસ્થાઓ તેમજ પંપે પર ટિકિટ આપવાની વાત કરી આશ્વાસન આપી છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે આ લોકો સુધી મસમોટો દાવો કરતા સંગઠનો ભોજન પહોંચાડે છે કે પછી સ્વતંત્ર પહોંચાડે છે તે તો સમય જ બતાવશે

### ફરિયાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ન્હાવા માટે પણ પાણીનો ઉપયોગ વધ્યો છે. બીજીતરફ ગરમી આકરી બનતા પાણીનો સ્વાભાવિક ઉપયોગ વધી જાય છે. ત્યારે નગરના નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ઉનાળા દરમિયાન સેકટરોમાં પાણીની બુમ ઉઠતી રહે છે. જયારે સમયાંતરે પાણી ફોર્સથી ન આવતુ હોવાનો રોષ પણ નાગરિકો ઠાલવે છે. આવા સંજોગોમાં પાણી માટે કામ કરતા તંત્રએ પણ પાણી પુરતા સપ્લાયથી આપવામાં આવતુ હોવાનો દાવો કર્યો છે. જો કે ક્યારેક સેકટરના બોરમાં ટેકનિકલ ખામી આવી જતા બે ત્રણ દિવસ સમસ્યાનુ નિવારણ ન આવે ત્યાં સુધી પાણીનો ફોર્સ થોડો ઘટી જતો હોવાનુ પણ સુત્રો જણાંવી રહ્યા છે. જો કે હાલ નવા સેકટરોમાં પાણીના ફોર્સને લગતી ફરિયાદોને ધ્યાને લઈને પણ તંત્ર દ્વારા અભ્યાસ હાથ ધરાશે શહેરના જુના અને નવા સેકટરોમાં હાલ કોમન સપ્લાય આપવામાં આવે છે. ત્યારે સમગ્ર ભારતમાં પાણીનો માથાદીઠ સૌથી વધુ વપરાશ ગાંધીનગરમાં થતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. કોરોનાની મહામારી વચ્ચે પાણીની પોકારને ડામવા માટે પણ તંત્ર સતર્ક છે. ફરિયાદોને અનુલક્ષી નવા સેકટરોમાં સપ્લાય વેળાએ ટેસ્ટીંગ કરવામાં આવશે.

### બિછાને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત શરીરમાં વાયરસનો લોડ પણ વધુ હોવાથી ઝડપથી ઓછો થતો નથી. જેના લીધે દર્દીને ડીસ્ચાર્જ આપી શકાતો નથી. આ સ્થિતિમાં દર્દીના શરીરમાં લાંબો સમય વાયરસ રહે છે. જલ્દીથી નેગેટીવ થતો નથી. પ્લાઝમાં સારવાર આ માટે સૌથી ઉત્તમ પુરવાર થાય છે. જેના આધારે વાયરસ અલબત્ત એન્ટીજીનની સામે એન્ટીબોડી હાવી થતા વાયરસ ટકી શકતો નથી. ગાંધીનગરનો આ યુવા દર્દી છેલ્લા એક મહિનાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જયારે ત્યારબાદ આવેલા દર્દીઓ સાજા થઈને ઘરે પરત જતા રહ્યા છે. ત્યારે કોરોના વાયરસની સારવાર દરમિયાન અનેક નવી જાણકારી સામે આવે છે. સંક્રમિત દર્દી પર વાયરસની કેવી અસર થઈ છે. તેની ઈમ્યુનીટી સિસ્ટમ કેવી છે. જયારે તેની બોડી કેવા રીએકશન આપે છે. અને સારવારને કેવો રીસ્પોન્સ આપે છે તે વાત પણ મહત્વની છે. આ પ્રકારના દર્દીઓને ધ્યાને લઈ હવે ગુજરાતમાં પ્લાઝમા ટ્રીટમેન્ટ પણ શરૂ કરવામાં આવી છે.

### ૧૨ જણાને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આમ તો આજ સવાર સુધી ૧૭ કેસ નોંધાયેલા છે જેમાં ૧૦ દર્દી સાજા થઈ જતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે બે દર્દીના મૃત્યુ થયા છે. ગાંધીનગર સિવિલમાં ૩ દર્દી સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬ કેસ નોંધાયા છે. જેમાંથી ૧ નું મોત છે. જ્યારે બે દર્દી સારવાર હેઠળ છે જ્યારે ૩ દર્દી સંપૂર્ણ સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે.

### આરંભાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલી માર્ગદર્શિકાને કઠોર રીતે પાળવાની રહેશે. માર્ગદર્શિકા ન પાળનાર સામે પગલા લેવામાં આવશે. તેમની પ્રવૃતિને તરત જ બંધ કરી દેવામાં આવનાર છે. આવતીકાલથી ખેડૂતો સાથે જોડાયેલી તમામ કામીગીરીને લીલીઝંડી આપી દેવામાં આવી છે. ખેતી સાથે જોડાયેલી તમામ ગતિવિધિઓ ચાલુ રહી શકશે. કૃષિ સાધનોની દુકાનો, સારવાર અને સ્પેરપાર્ટ્સની દુકાનો ખુલ્લી રહી શકશે. ખાતર, બિયા, જંતુનાશકના નિર્માણ અને વિતરણની ગતિવિધિ પણ આવતીકાલથી ચાલુ રહી શકશે. કેન્દ્ર સરકારે લોકડાઉન-૨ની જાહેરાત કર્યા બાદ આગલા દિવસે એટલે કે ૧૫મી એપ્રિલના દિવસે માર્ગદર્શિકા જારી કરીને તમામ વિગતો જાહેર કરી હતી. આવતીકાલથી આઈટી સાથે જોડાયેલી કંપનીઓને વર્કફોર્સના ૫૦ ટકા સ્ટ્રેન્થની સાથે કામ કરવાની મંજુરી આપી દેવામાં આવી છે. ઈ-કોમર્સ કંપનીઓની ગતિવિધિ, તેમના ઓપરેટરોની ગાડીઓને છુટછાટ આપવામાં આવી રહી છે. ડીટીએચ અને કેબલ સર્વિસને પણ છુટછાટ અપાઈ છે જેમાં કેટલીક શરતો તમામને પાળવાની રહેશે. તમામ છુટછાટનો આવતીકાલે ૨૦મી એપ્રિલના દિવસથી અમલી કરવામાં આવનાર છે. કાપણી અને આગામી દિવસોમાં નવી વાવણીની સિઝનને ધ્યાનમાં લઈને ખેતી અને ખેડુતો સાથે જોડાયેલા તમામ કામોને છુટછાટ આપી દેવામાં આવી છે. જો કે તમામ છુટછાટ શરતી રહેશે. ફલેટના નિર્માણને પણ શરતી રીતે મંજુરી આપી દેવામાં આવી છે. લોકડાઉન-૨ દરમિયાન કેટલીક ગતિવિધીઓને ચાલુ કરવામાં આવી રહી છે. આવતીકાલથી કાપણી સાથે સંબંધિત મશીનોને એક રાજ્યથી બીજા રાજ્યમાં લઈ જવા પર કોઈ પ્રતિબંધ રહેશે નહીં. મત્સ્ય પાલન સાથે જોડાયેલી ગતિવિધીઓ પણ જારી રહેનાર છે. દુધ અને દુધ ઉત્પાદનના પ્લાન્ટ તેમજ તેમનામાંથી પુરવઠા સાથે સંબંધિત કામગીરી પણ નિયમો સાથે આવતીકાલથી શરૂ થનાર છે. પ્રાણીઓના ચારા સાથે સંબંધિત પ્લાન્ટ, રો મેટેરિયલના પુરવઠાને પણ જારી રાખવા લીલીઝંડી આપવામાં આવ્યા બાદ હવે તેમની પ્રવૃતિઓ પણ આવતીકાલથી માર્ગદર્શિકા સાથે આગળ વધી શકશે.

### પહેલી વેક્સિન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોઈ શકે છે કે જે બજારમાં પહોંચશે. ટ્રાન્ઝેકશન હેલ્થ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઈન્સ્ટીટ્યૂટ, ફરીદાબાદના કાર્યકારી ડિરેક્ટર ગગનદીપ કાંગે મીડિયાને જણાવ્યું કે, ઝાયડસ કેડિલા બે વેક્સિન બનાવવા પર કામ કરી રહી છે. જ્યારે સીરમ ઈન્સ્ટીટ્યૂટ, બાયોલોજિકટલ ઈ, ભારત બાયોટેક, ઈન્ડિયન ઈમ્યૂનોલોજીકલ અને માયનવૈક્સ એક-એક વેવક્સિન ડેવલપ કરવાના કામમાં લાગેલી છે. તેમનું કહેવું છે કે, વેક્સિન વિકસિત કરવી તે એક જટીલ પ્રક્રિયા છે. આને ટેસ્ટિંગના કેટલાય ચરણમાંથી પસાર થવું પડે છે. આમાં કેટલાય પડકારો હોય છે. ભારતીય કંપનીઓ આ પડકારો સામે ઉંડાણપૂર્વકની સુઝબુઝ સાથે આગળ વધી રહી છે.

### બંધ રહેશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

- સુરક્ષાના હેતુ સિવાયની તમામ પ્રકારની યાત્રીઓની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વિમાની સેવા બંધ
- જાહેર પરિવહન માટેની બસ સેવા હાલમાં બંધ રહેશે
- ચોક્કસ માર્ગદર્શિકા હેઠળ આપવામાં આવેલી પરવાનગી સિવાય મેડિકલના કારણો વગરની આંતરરાજ્ય પરિવહન અને આંતર જિલ્લાની પરિવહન સેવા બંધ રહેશે
- તમામ ઔદ્યોગિક અને કોમર્શિયલ પ્રવૃત્તિઓ બંધ રહેશે
- ઓટો રિક્શા અને સાયકલ રિક્શા સહિત ટેક્સીઓ અને કેબ સેવાઓ બંધ રહેશે
- તમામ સિનેમા હોલ, મોલ, શોપિંગ કોમ્પ્લેક્ષ, સ્પોટ્ર્સ કોમ્પ્લેક્ષ, સ્વિમિંગપુલ, એન્ટરટેઈન્મેન્ટ પાર્ક, થિયેટર, બાર, ઓડિટોરિયમ, એસેમ્બલી હોલ બંધ રહેશે
- તમામ સામાજિક અને રાજકીય, રમત-ગમત, મનોરંજન, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો પર બ્રેક રહેશે
- મંદિર અને મસ્જિદ સહિત તમામ ધાર્મિક સ્થળો બંધ રહેશે
- અંતિમસંસ્કાર, દફનવિધિના મામલાઓમાં પણ ૨૦થી વધુ લોકોને પરવાનગી અપાશે નહીં

### કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

નોંધાયા છે. ૭૬૦૦ જેટલા આરોપીઓની અટકાયત કરવામાં આવેલ છે. ૫૦૦૦ ઉપરાંત વાહનો જપ્ત કરેલ છે. ડ્રોનથી ૫૦૦૦ ઉપરાંત ગુન્હા નોંધાયા છે. અફવા ફેલાવાના ૨૩ થી વધારે ગુન્હા નોંધાયા છે. લોકડાઉનનો કડક અમલ સુશ્રિત કરવા પોલીસ વિભાગ અવિરત કામ કરે છે. સોશ્યલ મીડીયા દ્વારા ફેલાતી અફવાઓ અને ખોટી માહિતીને બંધ કરવા રાજયના સાયબર સેલ દ્વારા www.fakenewsgujaratcybercrime.org વેબસાઈડ કાર્યરત છે. જેના ઉપ્ર નાગરિકો અફવા કે ખોટી માહિતીની ખરાઈ અને ફરીયાદ પણ કરી શકે છે. જેના માટે પોલીસ અધિકારી અને હેડ કોન્સ્ટેબલને સત્તા આપવામાં આવી છે. ખોટી અફવા ફેલાવનાર સાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં ગુજરાત પોલીસ કટીબધ્ધ છે.

